**વિષય:- ગણિત** **ધોરણ:-7** **સત્ર-2**

**પ્રકરણ :- 9 પરિમિતિ અને ક્ષેત્રફળ** **25 marks**

**વિદ્યાર્થીનું નામ:-..........................................................................................**

**પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **6 marks**

(1) વર્તુળનો પરિઘ =

(A) $\pi r$ (B) $2\pi r^2$ (C) $\pi r^2$ (D) $2\pi r$

(2) ત્રિકોણનું ક્ષેત્રફળ___________ કરતા અડધું હોય છે.

(A) વર્તુળ (B) અર્ધવર્તુળ (C) સમાંતર બાજુ ચતુષ્કોણ (D) સમલંબ ચતુષ્કોણ

(3) નીચે પૈકી કયું સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ નથી.




(A) AB x DE (B) DC x BF (C) DE x DC (D) BE X BC

(4) વર્તુળના સંદર્ભમાં $\pi$ જ એટલે.

(A) $\frac{\text{પરિઘ}}{\text{વ્યાસ}}$ (B) $\frac{\text{ક્ષેત્રફળ}}{\text{પાયા}}$ (C) $\frac{\text{ક્ષેત્રફળ}}{\text{વ્યાસ}}$ (D) $\frac{\text{પરિઘ}}{\text{ત્રિજ્યા}}$

(5) જો વર્તુળની ત્રિજ્યાના ત્રણ ગણા કરવામાં આવે તો, તે વર્તુળનું ક્ષેત્રફળ _________ થાય.

(A) 3 ગણું (B) 9 ગણું (C) 6 ગણું (D) 30 ગણું

(6) નીચે આપે આકૃતિમાં $\Delta MNO$ નું ક્ષેત્રફળ =




(A) $\frac{1}{2} \times MN \times NO$ (B) $\frac{1}{2} \times NO \times MO$

(C) $\frac{1}{2} \times MN \times OQ$ (D) $\frac{1}{2} \times NO \times OQ$

**પ્રશ્ન-2 ખાલી જગ્યા પૂરો :** **6 marks**

(1) વર્તુળાકાર પ્રદેશ (કિનારી) ફરતેના અંતરને તે વર્તુળનો ............ કહે છે.

(2) $\pi r^2$ = .................. નું ક્ષેત્રફળ

(3) એક અર્ધવર્તુળની ત્રિજયા 4r છે. તેનું ક્ષેત્રફળ ... ... ... ... ... થાય.

**પ્રશ્ન-3 એક લંબચોરસ અને વર્તુળનાં ક્ષેત્રફળનું માપ સરખું છે. જો લંબચોરસની લંબાઈ 14 સેમી અને પહોળાઈ 11 સેમી હોય, તો વર્તુળની ત્રિજ્યાનું માપ શોધો.** **2 marks**

પ્રશ્ન-4 આકૃતિમાં દર્શાવેલ ત્રિકોણનું ક્ષેત્રફળ 9 સેમી$^2$ છે. તો સમાંતરબાજુ ચતુષ્કોણ ABCD નું ક્ષેત્રફળ શોધો. 3 marks




પ્રશ્ન-5 જો 25 સેમી ત્રિજ્યાવાળા પૈડાને જમીન પર 350 આંટા ફેરવવામાં આવે તો તે પૈડું કેટલા મીટર અંતર કાપે ? 3 marks

પ્રશ્ન-6 જો ΔPQRનું ક્ષેત્રફળ 81 સેમી$^2$ હોય અને ઉંચાઈ PM = 3 સેમી હોય તો QR શોધો. 3 marks

પ્રશ્ન-7 એક વાયરના ટુકડાને ચોરસ આકારમાં એ રીતે વાળવામાં આવે છે જેથી તેની એક બાજુનું માપ 22 સેમી રહે. હવે જો આ જ વાયરને વર્તુળ આકારમાં વાળવામાં આવે, તો આ વર્તુળનું ક્ષેત્રફળ શોધો. 3 marks